**અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**જાહેરાત ક્રમાંકઃ FOREST/202223/1**

**જાહેર નોટિસ**

**જાહેરાત ક્રમાંકઃ FOREST/202223/1 વનરક્ષક ભરતી- ઉમેદવારની શારીરિક ક્ષમતા તથા શારીરિક માપ કસોટી માટેનું પ્રવેશપત્રની અગત્યની સુચનાઓમાં નીચે મુજબના મુદાઓ ઉમેરવામાં આવે છે. જે તમામ ઉમેદવારોએ નોધ લેવી.**

(A) જાહેરાત ક્રમાંકઃ FOREST/202223/1માં જણાવ્યા મુજબ વનરક્ષક સંવર્ગની જગ્યાઓ માટે વય-મર્યાદા, શૈક્ષણિક લાયકાત અને શારીરિક માપ વિગેરે તમો ધરાવો છો તેમ માનીને તથા આ અંગેના તમામ શૈક્ષણિક પ્રમાણપત્રો ઉપરાંત આર્થિક રીતે નબળા વર્ગ, નોન-ક્રિમિલેયર સર્ટીફીકેટ, એન.સી.સી. 'સી' સર્ટીફીકેટ, રમત-ગમતનું પ્રમાણપત્ર, વિધવા પ્રમાણપત્ર જે તે વખતે જાહેરાતમાં દર્શાવેલ તારીખ સુધીમાં ઇશ્યુ થયેલ તમામ પ્રમાણપત્રો તમે ધરાવો છો તેમ માનીને આપવામાં આવે છે.આ પ્રમાણપત્રો સાથે લાવવાનાં રહેશે. શારીરિક ક્ષમતા કસોટી સમયે મુળ ઓનલાઇન અરજી તથા અરજીમાં દર્શાવેલ વિગતોના અનુસંધાને જરૂરી અસલ પ્રમાણપત્રો ઉમેદવારોએ સાથે લાવવાનાં રહેશે. શારીરિક ક્ષમતા કસોટી સમયે કોલલેટર તથા કોલલેટરમાં દર્શાવેલ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલો આપવાની રહેશે. તથા નીચે મુજબના પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.

(1) ધોરણ-૧૦,ધોરણ-૧૨ની માર્કશીટ / શાળા છોડ્યા અંગેનુ પ્રમાણપત્ર.

(2) એન.સી.સી.

(3) સ્પોર્ટસના પ્રમાણપત્ર

(4) વિધવા મહિલા ઉમેદવારોને - વિધવા પ્રમાણપત્ર

(5) માજી.સૈનિકનુ પ્રમાણપત્ર

(6) નોન-ક્રિમીલીયર પ્રમાણપત્ર નિયત નમૂના મુજબ

(7) સરકારી કર્મચારીએ જે તે વિભાગને જાણ કર્યા અને મંજુરી મેળવવા બાબતનું પ્રમાણપત્ર

(8) અ.જ.જા, અ.જા, સા.શૈ.પ અને આર્થિક રીતે નબળા વર્ગોના જાતિના પ્રમાણપત્ર

(9) કોમ્પ્યુટર જાણકારી અંગેનું પ્રમાણપત્ર.

(B) રમત ગમતનાં ગુણ માટે ઉમેદવારોએ સરકારશ્રીનાં તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.ર, તથા તા.૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.ર માં નિયત કર્યા મુજબના નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી નિયત કરેલ નમુનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર તથા જે ઉમેદવાર નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) "C" સર્ટીફીકેટ ધરાવતા હશે તેઓએ આવા પ્રમાણપત્રો સાથે લાવવાનાં રહેશે. જેનાં આધારે નિયમાનુસાર ગુણ ઉમેરવામાં આવશે.તેઓને આવા પ્રમાણપત્રો રજુ કરવા બીજી તક આપવામાં આવશે નહિ અને શારિરીક ક્ષમતા કસોટી સમયે માન્ય પ્રમાણપત્રો રજુ કરવામાં ના આવે તો તેઓ વધારાના ગુણ મેળવવાના પાત્ર રહેશે નહિ.

તા.૦૧/૧૦/૨૦૨૪
સ્થળ – ગાંધીનગર

Udsingh

અગ્ર મુખ્ય વન સંરક્ષક અને
હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ,
ગુજરાત રાજય, ગાંધીનગર